**નવો પૂર્વ (સરથાણા) ઝોન**

**અખબારી યાદી**

**નવો પૂર્વ(સરથાણા)ઝોન વિસ્તારમાં તા. ૦૪/૦૬/૨૦૨૪ ના રોજ નીચે જણાવેલ સ્થળે કરવામાં આવેલ ડીમોલીશનની કામગીરીની વિગત**

| અ.નં. | ટી.પી. સ્કીમ નં./ ફા.પ્લોટ નં. | સ્થળ | કરેલ કામગીરીની વિગત | રિમાર્કસ |
|---|---|---|---|---|
| ૧ | ટી.પી.સ્કીમ નં.૯૨ (સીમાડા-કોસમાડા), બ્લોક નં.૧૧૦, ૧૧૧/એ, ફા.પ્લોટ નં. ૪૩/બી, ૪૫, ૪૪, ૧૩૫,૧૩૭, | સીમાડા, સુરત | પ્રશ્નવાળી મિલ્કતમાં રીઝર્વેશનમાં ગેરકાયદેસર રીતે અંદાજે ચાર (૪) જેટલા બનાવવામાં આવેલ પતરાના શેડ(ટેમ્પરરી સ્ટ્રકચર) દૂર કરી તથા ખાનગી જગ્યામાં બનાવેલ આશરે બે (૨) પતરાના શેડ(ટેમ્પરરી સ્ટ્રકચર) દૂર કરી ૧૬૭૫.૦૦ ચો.મી. જગ્યા ખુલ્લી કરવામાં આવેલ છે તથા બાકીના આઠ (૮) પતરાના શેડ (ટેમ્પરરી સ્ટ્રકચર) મિલ્કતદાર દ્વારા સ્વૈચ્છીક રીતે દૂર કરવાની કામગીરી ચાલું છે. | |

ટી.પી.સ્કીમ નં.૯૨ (સીમાડા-કોસમાડા), બ્લોક નં.૧૧૦, ૧૧૧/એ, ફા.પ્લોટ નં. ૪૩/બી, ૪૫, ૪૪, ૧૩૫, ૧૩૭, સીમાડા વાળી મિલ્કતમાં રીઝર્વેશનમાં ગેરકાયદેસર રીતે અંદાજે ચાર (૪) જેટલા બનાવવામાં આવેલ પતરાના શેડ(ટેમ્પરરી સ્ટ્રકચર) દૂર કરી તથા ખાનગી જગ્યામાં બનાવેલ આશરે બે (૨) પતરાના શેડ(ટેમ્પરરી સ્ટ્રકચર) દૂર કરી ૧૬૭૫.૦૦ ચો.મી. જગ્યા ખુલ્લી કરવામાં આવેલ છે તથા બાકીના આઠ (૮) પતરાના શેડ (ટેમ્પરરી સ્ટ્રકચર) મિલ્કતદાર દ્વારા સ્વૈચ્છીક રીતે દૂર કરવાની કામગીરી ચાલું છે.

સદરહું ટી.પી.સ્કીમ હાલ સરકારશ્રીમાં મંજુરી અર્થે સાદર કરવામાં આવેલ છે જેની મંજુરી બાકી છે પરંતુ ટી.પી.સ્કીમનો નકશો જાહેર જનતા માટે પ્રસિધ્ધ થઈ ગયેલ હોય, સદરહું વિસ્તારમાં અસામાજીક તત્વો દ્વારા ટી.પી.રસ્તા અને રીઝર્વેશનમાં આવા પ્રકારના શેડ બનાવવાની પ્રવૃતિ મોટા પાયે શરૂ કરવામાં આવેલ છે. આવી પ્રવૃતિના કારણે ભવિષ્યમાં ટી.પી.સ્કીમના અમલીકરણ દરમ્યાન ટી.પી.રસ્તા/રીઝર્વેશનના કબ્જા ન મળવાના કારણે જનતાને સુવિધા પૂરી પાડવામાં અતિશય તકલીફ પડે તેમ છે. આમ, આજરોજની કાર્યવાહી દ્વારા સમગ્ર વિસ્તારમાં આવી અનધિકૃત વ્રુતિઓ હાથ ધરતા તત્વોને પરોક્ષા રીતે સંદેશો પહોંચાડવામાં આવેલ છે. તથા આગામી દિવસોમાં પણ આ અભિયાન ચાલુ રાખવામાં આવશે.

સમગ્ર કામગીરી અત્રેના ઝોનના શહેર વિકાસ વિભાગ, સીકયુરીટી સ્ટાફ તથા પોલીસ સ્ટાફની મદદથી ઝોનના વડા મે.એડી.સીટી.ઈજનેર (સીવીલ) શ્રી ડી. સી. ભગવાગરના માર્ગદર્શન તેમજ કાર્યપાલક ઈજનેરશ્રી એસ. સી. વસાવાના નેતૃત્વમાં પાર પાડવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં.. ૬૩

તા. ૦૪/૦૬/૨૦૨૪

ટી.પી.સ્કીમ નં.૯૨ (સીમાડા-કોસમાડા), બ્લોક નં.૧૧૦, ૧૧૧/એ,
ફા.પ્લોટ નં.૪૩/બી,૪૫, ૪૪, ૧૩૫,૧૩૭, સીમાડા, સુરત





